# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ - 2015

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com.: 0002**<br>નોંધણી નંબર: _______________ |
| **પાઠ્યક્રમ** | : વહીવટી સિદ્ધાંત **(EPA-01)** | **Numerical Code: 0055** |
| **તારીખ** | : **27/07/2015** | |
| **સમય** | : **11.00 to 02.00** | |
| **સૂચના** | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

પ્ર.1 જાહેર વહીવટનો અર્થ સમજાવી, જાહેર વહીવટનું મહત્વ સમજાવો. **(12)**

અથવા

એફ.ડબ્લ્યુ. ટેલરનો વૈજ્ઞાનિક સંચાલનનો સિધ્ધાંત વિગતે સમજાવો.

પ્ર.2 કાર્લમાર્કસના અમલદારશાહીનાં લક્ષણો વર્ણવો. **(12)**

અથવા

કાર્ય વિભાજન શા માટે જરૂરી છે? તે સમજાવી તેના પાયાઓ વિગતે સમજાવો.

પ્ર.3 વહીવટી આયોજન સમજાવી,તેના પ્રકારો વર્ણવો. **(12)**

અથવા

નેતાગીરીનો અર્થ સમજાવી તેના સિધ્ધાંતો વર્ણવો.

પ્ર.4 અંદાજપત્રનો અર્થ સમજાવી, તેને તૈયાર કરવાના સિધ્ધાંતો સમજાવો. **(12)**

અથવા

વહીવટીતંત્રમાં લાંચ-રુશવતની સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો વર્ણવો.

પ્ર.5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) **(12)**

1. નવા જાહેર વહીવટના ધ્યેયો
2. માનવસંબંધોનો અભિગમ
3. મેક્સવેબરનો વર્ચસ્વનો સિધ્ધાંત
4. આદેશની એકતાનો સિધ્ધાંત
5. માહિતીસંચારની આવશ્યકતાઓ

પ્ર.6 બહુવૈકલ્પિક પ્રશ્નોના સાચા ઉત્તર શોધો. **(10)**

1. સત્તાના પ્રાપ્તિસ્થાનો ક્યાં છે?

   (A) કાયદો (B) પ્રણાલિઓ (C) સત્તાસોંપણી (D) આપેલ તમામ

2. માહિતી સંચારના માધ્યમોને કેટલા જૂથોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે?

   (A) 4 (B) 3 (C) 5 (D) 7

3. કવો વોરન્ટો નો અર્થ _______ થાય?

   (A) ઉપલી કોર્ટને નીચલી કોર્ટને હુકમ

   (B) નીચલી અદાલતે પોતાના કાર્યક્ષેત્ર બહાર વધુ કાર્ય ન કરવાનો હુકમ

   (C) કોર્ટ આ પ્રકારનો આદેશ આપીને, જાહેર અધિકારીને કે નીચલી અદાલતને અથવા અન્ય સત્તાધીશને કાયદેસરની ફરજો/કાર્યો કરવા ફરજ પાડે છે.

   (D) અદાલત આ પ્રકારની સત્તા દ્વારા કોઈપણ વ્યક્તિના દાવાઓની કાયદેસરતાની તપાસ કરી શકે છે.

4. અંદાજપત્ર તૈયાર કરવાનો સિધ્ધાંત કયો છે?

(A) અંદાજપત્ર સમતોલ હોવું જરૂરી

(B) અંદાજો શક્ય હોય તેટલા ચોક્કસ હોવા જરૂરી

(C) ઉપરના બંને

(D) ઉપરનામાંથી એકપણ નહિ

5. ગ્રે કુવાસનું સૂત્ર ક્યા સિધ્ધાંતની સાથે સંબંધ ધરાવે છે?

(A) આદેશની એકતાનો સિધ્ધાંત (B) અંકુશ-સીમાનો સિધ્ધાંત

(C) શ્રેણી સ્તુપનો સિધ્ધાંત (D) સંકલનનો સિધ્ધાંત

6. કાર્યવિભાજનનો મુખ્ય લાભ શું છે?

(A) કાર્યોની વહેંચણી (B) સંગઠનની કાર્યક્ષમતામાં સુધારો

(C) કાર્યવિભાજનની ઉત્પાદનમાં વધારો (D) કોઈ એક ભાગ પર ધ્યાન કેન્દ્રિત

7. સંકલન શા માટે જરૂરી છે?

(A) સંઘર્ષ દૂર કરવા (B) બિનતંદુરસ્ત સ્પર્ધા રોકવા

(C) કરકસર અને કાર્યક્ષમતા માટે (D) ઉપરના તમામ

8. શ્રેણી અમલદારશાહીનું લક્ષણ કયું છે?

(A) શ્રમ વિભાજન (B) શ્રેણી સ્તુપ (C) કેળવણી (D) આપેલ તમામ

9. આયોજનની સમસ્યા કઈ છે?

(A) સંપૂર્ણ રીતે માનવીય વર્તણૂક અંકુશમાં રાખવી મુશ્કેલ

(B) જો શાસકો યોગ્ય મૂલ્ય ન ધરાવતા હોય તો યોજનાનો મૂળ ઉદ્દેશ નાશ પામે.

(C) ઉપરના બંને

(D) ઉપરનામાંથી એકપણ નહિ

10. વર્તનલક્ષી અભિગમ કોણે આપેલો?

(A) હર્બટ સાઈમન (B) એલ.ડી.વ્હાઈટ

(C) લ્યૂથર ગ્યુલિક (D) એલ્ટન માયો

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

**Numerical Code B.A.: 0001**
**Numerical Code B.com.: 0002**
નોંધણી નંબર: _______________

**પાઠ્યક્રમ** : ભારતીય વહીવટ **(EPA-02)** **Numerical Code: 0056**
**તારીખ** : **29/07/2015**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્ર.1 મોગલ વહીવટ પર ચર્ચા પત્ર લખો. **(12)**

અથવા

બ્રિટીશ વહીવટીતંત્રમાં સુધારાઓ પર નોંધ તૈયાર કરો.

પ્ર.2 ભારતીય બંધારણના આમુખ અને લક્ષણોના ચર્ચા કરો. **(12)**

અથવા

કેન્દ્રિય સચિવાલય વ્યવસ્થાતંત્ર અને કાર્યો સમજાવો.

પ્ર.3 U.P.S.C. ના ઉત્પત્તિ અને કાર્યો વર્ણવો. **(12)**

અથવા

મ્યુનિસિપલ કોર્પોરેશનના વ્યવસ્થાતંત્રની ચર્ચા કરો.

પ્ર.4 સામાજિક- સંસ્કૃતિક માળખાની વહીવટી તંત્ર પર અસરો વિગતે વર્ણવો. **(12)**

અથવા

કેન્દ્ર-રાજ્યના વહીવટી સંબંધોની વિસ્તૃત માહિતી આપો.

પ્ર.5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) **(12)**

1. બ્રિટીશ વહીવટીતંત્રનું સ્વરૂપ
2. ભારતમાં બંધારણીય પંચો
3. રાજ્યપાલ
4. રાજ્ય અને પંચાયતી રાજ વચ્ચેના સંબંધો
5. વહીવટીતંત્ર પર ન્યાયિક અંકુશો

પ્ર.6 યોગ્ય વિકલ્પ પસંદ કરો. **(10)**

1. 1773ના ક્યા ધારાથી ભારતના વહીવટીતંત્રમાં મહત્વના સુધારાઓ થયા?
   (A) નિયામક ધારો (B) રોલેટ એક્ટ (C) કંપની ધારો
2. બ્રિટીશરો ભારત સરકાર ધારો ક્યારે અમલમાં લાવ્યા?
   (A) 1930 (B) 1935 (C) 1920
3. ઓલ ઇન્ડિયા સર્વિસ એક્ટ ક્યારે પસાર કરવામાં આવ્યો?
   (A) 1952 (B) 1954 (C) 1951
4. નગરપાલિકાનો વહીવટી વડો કોણ હોય છે?
   (A) પ્રમુખ (B) ચીફ ઓફિસર (C) ઉપપ્રમુખ

5. ભારતના પ્રમુખ નાયબ વડાપ્રધાન કોણ હતા?

(A) સરદાર પટેલ (B) જવાહરલાલ (C) ઈન્દિરાજી

6. જીલ્લા વહીવટી તંત્રનો વડો કોણ હોય છે?

(A) T.D.O. (B) મામલતદાર (C) કલેકટર

7. પ્રથમ પંચવર્ષીય યોજનાનો સમયગાળો કયો છે?

(A) 1952 થી 57 (B) 1967 થી 72 (C) 1951 થી 56

8. ભારતના બંધારણમાં કેટલા પ્રકારની કટોકટીઓની જોગવાઈ છે?

(A) 3 (B) 4 (C) 5

9. દેશના રાજકીય-વહીવટી પધ્ધતિ પર દબાણ લાવનારને શું કહે છે?

(A) દાબજૂથો (B) લોબિઇંગ (C) લાગવગ

10. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ આ બંને પદો ખાલી હોય ત્યારે તેમની સત્તાઓનો કોણ ઉપયોગ કરે છે?

(A) વડાપ્રધાન (B) સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટિસ (C) મુખ્ય ચૂંટણી કમિશનર

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

**Numerical Code B.A.: 0001**
**Numerical Code B.com.: 0002**
નોંધણી નંબર: _______________

**પાઠયક્રમ** : વિકાસ વહીવટ **(EPA-03)** — **Numerical Code: 0057**
**તારીખ** : **27/07/2015**
**સમય** : **03.00 to 06.00**
**સૂચના** : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. — **કુલ ગુણ : 70**

---

પ્ર.1 વિકાસલક્ષી વહીવટના ઉત્ક્રાંતિના વિવિધ તબક્કાઓનું વર્ણન કરો. **(12)**

અથવા

આયોજન વિશે વિસ્તૃત નિબંધ લખો.

પ્ર.2 **વિકાસ એટલે શું? ભારતમાં વિકાસના ધ્યેયો સમજાવો.** **(12)**

અથવા

રાજ્ય આયોજનનું વ્યવસ્થાતંત્ર સમજાવો.

પ્ર.3 અમલદારશાહીની ભૂમિકાની વિગતે ચર્ચા કરો. **(12)**

અથવા

ભારતીય અમલદારશાહીના વારસાનું વિગતે વર્ણન કરો.

પ્ર.4 પંચાયતીરાજની સમસ્યાઓ અને તેનું ભવિષ્ય ચર્ચો. **(12)**

અથવા

જાહેરક્ષેત્રની ઉત્ક્રાંતિ અને વિસ્તારનું વર્ણન કરો.

પ્ર.5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) **(12)**

1. **વિકાસલક્ષી વહીવટ વ્યવસ્થાપનના લક્ષણો**
2. **ભારતમાં લોકશાહી વિકેન્દ્રીકરણ**
3. **ગ્રામીણ આયોજનની પડતી**
4. **સ્વૈચ્છિક સંસ્થા**
5. **વિકાસલક્ષી કોર્પોરેશનનાં કાર્યો**

પ્ર.6 યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. **(10)**

1. 1945માં સરકારે કઈ નીતિ સંબંધે જાહેરનામું બહાર પાડ્યું?
   (A) વિદેશનીતિ (B) ગૃહનીતિ (C) ઔદ્યોગિક નીતિ
2. અંત્યોદય યોજના કોના વિચારો પર આધારિત યોજના છે?
   (A) ગાંધીજી (B) નહેરુ (C) મનમોહનસિંઘ
3. મુક્ત સાહસોની સાથો-સાથ વિશાળ જાહેરક્ષેત્રની હાજરી અર્થતંત્રના લક્ષણને કેવું બનાવે છે?
   (A) વિકસિત (B) મિશ્ર (C) વિકાસશીલ
4. સરકાર કે કંપની દ્વારા બહાર પાડવામાં આવેલ રોકાણના પ્રમાણપત્રને શું કહે છે?
   (A) રોકાણ (B) બોન્ડ (C) ખરીદીપત્ર
5. કોણે પોતાના લખાણોમાં બ્રિટીશ શાસનની હાનિકર્તા અસરો વિશે લખ્યું છે?
   (A) સુભાષચંદ્રબોઝ (B) જવાહરલાલ નહેરુ (C) દાદાભાઈ નવરોજી

6. નિમ્ન સ્તરના આયોજનને આ નામે પણ ઓળખી શકાય?

(A) ગ્રામ્ય આયોજન (B) મૂળ આયોજન (C) જીલ્લા આયોજન

7. પંચાયતીરાજ માટે માટે ભારતમાં કઈ સમિતિનું નામ પ્રથમ લઇ શકાય?

(A) બળવંતરાય મહેતા સમિતિ (B) અશોક મહેતા સમિતિ (C) આયંગર સમિતિ

8. સેવામાં વધુ ઊંચી જવાબદારીઓ આપવી એટલે શું?

(A) ટ્રાન્સફર (B) પડતી (C) બઢતી

9. નિશ્ચિત સમયગાળા દરમ્યાનના નાણાંકીય નિવેદનને શું કહે છે?

(A) આવેદન (B) બજેટ (C) રજૂઆત

10. ભારતમાં પંચાયતીરાજની શરૂઆત કયા રાજ્યમાં કરવામાં આવે છે?

(A) રાજસ્થાન (B) ગુજરાત (C) મધ્યપ્રદેશ

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2015

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com.: 0002**<br>નોંધણી નંબર: _______________ |
| **પાઠયક્રમ** | : કાર્મિક વહીવટ **(EPA-04)** | **Numerical Code: 0058** |
| **તારીખ** | : **29/07/2015** | |
| **સમય** | : **03.00 to 06.00** | |
| **સૂચના** | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

પ્ર.1 કાર્મિક વહીવટનો અર્થ, ઉત્ક્રાંતિ અને વિકાસ વર્ણવો. **(12)**

અથવા

ભારતમાં જાહેર વહીવટની લાક્ષણિકતાઓ સમજાવો.

પ્ર.2 ભારતમાં સ્વાતંત્ર્ય પૂર્વેની અને વર્તમાન **સનંદી સેવાઓનું વર્ગીકરણ સમજાવો.** **(12)**

અથવા

નોકરશાહીના લક્ષણો તથા નોકરશાહીના ફાયદા અને ગેરફાયદા વર્ણવો.

પ્ર.3 જાહેર સેવા પંચનો ઉદભવ, વિકાસ અને કાર્યો સમજાવો. **(12)**

અથવા

વહીવટી ન્યાય પંચોનો ઉદભવ, વિકાસ અને સત્તાધિકારક્ષેત્ર સ્પષ્ટ કરો.

પ્ર.4 ભરતીનો અર્થ જણાવી ભરતીના પ્રકાર અને તેના ગુણદોષ જણાવો. **(12)**

અથવા

ભારતમાં જાહેર સેવકોને મળેલા મૂળભૂત અધિકારો અને તેના પરની સરકારી મર્યાદાઓ જણાવો.

પ્ર.5 ટૂંકનોંધ લખો. (કોઈપણ બે) **(12)**

1. સરકાર અને જાહેર સેવાઓ વચ્ચેનો સંબંધ
2. રાજ્ય તાલીમ સંસ્થાઓના કાર્યો
3. વહીવટી સુધારા પંચની ભલામણો
4. સનંદી સેવામાં વહીવટી નીતિમતા અને ઈમાનદારી
5. કાર્યક્ષમતા વધારનારા કાર્યપ્રેરકો

પ્ર.6 બહુવૈકલ્પિકપ્રશ્નોના સાચા જવાબ તેના ક્રમ સાથે લખો. **(10)**

1. નીચેનામાંથી કયું વ્યવસ્થાતંત્રનું સૌથી અગત્યનું તત્વ છે?

   (A) નાણાંકીય સાધનો (B) ભૌતિક સાધનો (C) માનવ મૂડી (D) ટેકનોલોજી

2. કાર્મિક વહીવટમાં- ‘કાર્મિક સંચાલન’ ના બદલે ‘માનવશક્તિ સંચાલન’ શબ્દનો ઉપયોગ કોણ સૂચવે છે?

   (A) ફલીપો (B) ડેલ યોડેર (C) થોમસ જી.સ્પેટસ (D)માઈકલ જ્યુસીયસ

3. નોકરશાહીમાં ‘સ્પોઈલ્સ સિસ્ટમ’ નો ઉદભવ ક્યાં થયો હતો?

   (A) ચીન (B) ઇંગ્લેન્ડ (C) અમેરિકા (D) ભારત

4. નીચેનામાંથી કયું નોકરશાહીનું વર્તનપ્રધાન લક્ષણ નથી?

   (A) તર્કબધ્ધતા (B) અવૈયક્તિકતા (C) શ્રેણી સ્તૂપ (D) તટસ્થતા

5. ભારતમાં સમવાયી જાહેર સેવા પંચ (F.P.S.C) ક્યારથી કેન્દ્રીય જાહેર સેવા પંચ (U.P.S.C.) તરીકે ઓળખાવા લાગ્યું?

(A) 01 એપ્રિલ, 1937 (B) 26 જાન્યુ, 1950 (C) 26 નવે.1949 (D) 15 ઓગ.1947

6. નીચેનામાંથી કોને વહીવટી ન્યાયપંચનો ફાયદો ગણવામાં આવે છે?

(A) લવચીકતા (B) ઓછું ખર્ચાળ (C) અદાલતોમાંથી મુક્તિ (D) ઉપરોકત ત્રણેય

7. નીચેનામાંથી કોનો સમાવેશ માનવ મૂડીમાં થાય છે?

(A) સમાજમાં રહેતા લોકનું જ્ઞાન (B) સમાજમાં રહેતા લોકોની કુનેહ

(C) સમાજમાં રહેતા લોકોના કૌશલ્યો (D) ઉપરોકત ત્રણેય

8. નીચેનામાંથી કોનો જાહેર વહીવટની તાલીમમાં સમાવેશ થાય છે?

(A) કર્મચારી કૌશલ્ય (B) શક્તિઓ અને બુધ્ધિમતામાં સુધારણા

(C) ઈચ્છિત દિશા અને તેના વલણો (D) ઉપરોકત ત્રણેય

9. સરકારી કર્મચારીઓના પગાર-ધોરણો નક્કી કરવામાં નીચેનામાંથી કઈ બાબત નિર્ણાયક ગણાય છે?

(A) દેશની આર્થિક સ્થિતિ (B) ભાવ સપાટી

(C) સમાન કામ માટે સમાન વેતન (D) સરકારની નીતિ

10. નીચેનામાંથી કોનો સેવા સંબંધી અધિકારોમાં સમાવેશ થાય છે?

(A) નિમણૂક (B) આજીવન સેવાકાળ (C) વિશેષાધિકારો (D) ઉપરોકત ત્રણેય

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

**Numerical Code B.A.: 0001**
**Numerical Code B.com.: 0002**
નોંધણી નંબર: _______________

**પાઠયક્રમ** : નાણાંકીય વહીવટ **(EPA-05)** **Numerical Code: 0059**
**તારીખ** : **30/07/2015**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્ર.1 નાણાંકીય વહીવટનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર સમજાવો. **(12)**

અથવા

નાણાંકીય વહીવટના સિધ્ધાંતો સમજાવો..

પ્ર.2 અંદાજપત્રનો અર્થ, લાક્ષણિકતાઓ અને કાર્યો સ્પષ્ટ કરો. **(12)**

અથવા

સરકારી આવકનાં સાધનો- કરવેરા અને કરેતર (Sources of Revenue- Tax and Non- Tax) સમજાવો.

પ્ર.3 જાહેર રોકાણના આર્થિક અને સામાજીક મૂલ્યાંકનનું સ્વરૂપ અને તેની આવશ્યકતા જણાવો. **(12)**

અથવા

ધારાકીય અંકુશની વિભાવના અને બંધારણીય જોગવાઈઓ સમજાવો.

પ્ર.4 ઓડીટના પ્રકારો અને મહત્વ સમજાવો. **(12)**

અથવા

ભારતમાં ગ્રામીણ શાસનોમાં નાણાંકીય વ્યવસ્થાની સટીક ચર્ચા કરો.

પ્ર.5 કોઈપણ બે ટૂંકનોંધ લખો. **(12)**

1. કેન્દ્ર-રાજ્ય વચ્ચેના નાણાંકીય સંબંધો
2. અંદાજપત્રીય પ્રક્રિયા
3. જાહેર દેવાના સંચાલનમાં રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની ભૂમિકા
4. CNG ની ભૂમિકા
5. જાહેર સાહસોમાં વિત્તીય સ્વાયતતા અને ઉત્તરદાયિત્વ

પ્ર.6 બહુવૈકલ્પિક પ્રશ્નોના સાચા જવાબ તેના ક્રમ સાથે લખો. **(10)**

1. નીચેનામાંથી કઈ બાબત જાહેર વિત્તવ્યવસ્થા સાથે સંલગ્ન નથી?
   (A) આવકનું ખર્ચ સાથે સમાયોજન (B) પ્રજાકીય અંકુશ (C) સીમિત સાધનો (D) લવચીક સાધનો
2. નીચેનામાંથી કોનો નાણાંકીય વહીવટના કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે?
   (A) જાહેર નાણાં ભંડોળનો સંગ્રહ કરવો (B) જાહેર આવકો અને ખર્ચનું સંકલન કરવું
   (C) સરકારની નાણાંકીય બાબતો પર સામાન્ય અંકુશ રાખવો (D) ઉપરોકત ત્રણેય
3. નીચેનામાંથી કયું જાહેર વિતવ્યવસ્થાનું તત્વ નથી?
   (A) જાહેર આવક (B) જાહેર ખર્ચ (C) જાહેર દેવું (D) જાહેર અંકુશ
4. નીચેનામાંથી કોનો સરકારી હિસાબોમાં સમાવેશ થતો નથી?
   (A) સંચિતનિધિ (B) આકસ્મિક નિધિ (C) સાર્વજનિક- હિસાબ (D) કોર્પોરેટ નિધિ
5. નીચેનામાંથી કોનો પ્રત્યક્ષ વેરાઓમાં સમાવેશ થતો નથી?
   (A) આવકવેરો (B) ખર્ચવેરો (C) સંપતિવેરો (D) આયાત-જકાત

6. સામાજિક ખર્ચ-લાભ વિશ્લેષણ (S.C.B.A.) માં નીચેનામાંથી કોનો કાર્ય વિધિમાં સમાવેશ થાય છે?

(A) પ્રકલ્પના આર્થિક,સામાજીક અને પર્યાવરણલક્ષી સંશાધનને (Inputs) અને ઉત્પાદનોને (Outputs) ને માપવા.

(B) પ્રકલ્પના સાધનો અને ઉત્પાદનોની સામાજીક અથવા હિસાબી કે કલ્પિત (Shadow) કિંમતો મુકવી.

(C) પ્રકલ્પની સામાજીક નફાકારકતાની ગણતરી કરવી.

(D) ઉપરોકત ત્રણેય

7. નીચેનામાંથી કોનો ધારાકીય અંકુશના સાધનોમાં સમાવેશ થાય છે?

(A) પ્રશ્નોત્તરી કલાક (B) અંદાજપત્ર પરની ચર્ચા (C) રાષ્ટ્રપતિનું પ્રવચન (D) ઉપરોકત ત્રણેય

8. બંધારણીય જોગવાઈઓ અનુસાર સંઘ અને રાજ્યોના હિસાબોના ઓડીટનો કઈ યાદીમાં સમાવેશ થાય છે?

(A) સંઘ યાદી (B) રાજ્ય યાદી (C) સંયુક્ત યાદી (D) શેષ સત્તાઓ

9. 'કોઈપણ રાષ્ટ્ર સ્વ-શાસનની પધ્ધતિની સ્થાપના ભલે કરે,પરંતુ નગરપાલિકાની સંસ્થાના જુસ્સા સિવાય તે સ્વતંત્રતાનો જુસ્સો ધરાવી શકે નહી'- આ વિધાન કોનું છે?

(A) મહાત્મા ગાંધી (B) દ'તો કિવલે (C) પંડિત જવાહરલાલ નહેરુ (D) અબ્રાહમ લિંકન

10. ભારતમાં સરકારી હિસાબી તપાસણી કરવાની બંધારણીય જવાબદારી કોણ અદા કરે છે?

(A) રાષ્ટ્રપતિ (B) એટર્ની જનરલ (C) CAG (D) CVC

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

**Numerical Code B.A.: 0001**
**Numerical Code B.com.: 0002**
નોંધણી નંબર: ______________

**પાઠ્યક્રમ** : જાહેર નીતિ **(EPA-06)** **Numerical Code: 0060**

**તારીખ** : **30/07/2015**

**સમય** : **03.00 to 06.00**

**સૂચના** : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્ર.1 જાહેર નીતિનો અર્થ, લક્ષ્યાંકો અને જાહેર નીતિના ઘડતરની લાક્ષણિકતાઓ સમજાવો. **(12)**

અથવા

રાજકીય કારોબારીનો ખ્યાલ તથા નીતિ ઘડતરમાં રાજકીય કારોબારીની ભૂમિકા સ્પષ્ટ કરો.

પ્ર.2 ન્યાયતંત્રના કાર્યો જણાવી, નીતિ ઘડતરમાં ન્યાયતંત્રના પ્રભાવની સટીક ચર્ચા કરો. **(12)**

અથવા

નિયોજિત પરિવર્તનની પ્રક્રિયામાં તેમજ જાહેર નીતિઓને પ્રભાવિત કરવામાં જનસંચારના માધ્યમોની ભૂમિકાની ચર્ચા કરો.

પ્ર.3 નીતિના અમલીકરણમાં ધારાસભા અને ન્યાયતંત્રની ભૂમિકા તપાસો. **(12)**

અથવા

ઔધોગિક નીતિ અને ઔધોગિક વિકાસની વ્યૂહરચનાના ખ્યાલ તથા ઔધોગિક નીતિને પ્રભાવિત કરતા પરિબળો સમજાવો.

પ્ર.4 નીતિના મૂલ્યાંકનનો અર્થ, અગત્ય અને મૂલ્યાંકનના અભિગમ સમજાવો. **(12)**

અથવા

નીતિ નિર્ધારણના સમૂહ આધારિત મોડેલ અને અગ્રવર્ગ આધારિત મોડેલની તુલનાત્મક સમીક્ષા કરો.

પ્ર.5 ટૂંકનોંધ લખો. (કોઈપણ બે) **(12)**

1. વિકસતાં રાજ્યોમાં જાહેર નીતિ ઘડતર
2. પ્રતિનિધિત ધારાકારણ અને અમલદારશાહી
3. અદાલતી સમીક્ષા
4. સામાજીક આંદોલનો અને જાહેર નીતિ
5. ગરીબી નાબૂદી અંગેના મહત્વના કાર્યક્રમો

પ્ર.6 બહુવૈકલ્પિક પ્રશ્નોના સાચા જવાબ તેના ક્રમ સાથે લખો **(10)**

1. 'સરકારના કોઈ એકમનો તેના પરિનિવેશ સાથેનો સંબંધ એટલે જાહેરનીતિ'- આ વિધાન કોનું છે?
   (A) રોબર્ટ આઈસ્ટોન (B) ગ્રેબિયલ આલમન્ડ (C) ડેવિડ ઇસ્ટન (D) રિચાર્ડ રોઝ
2. 'સરકાર જે કાંઈ કરવાનું અથવા તો નહીં કરવાનું પસંદ કરે છે તે જાહેર નીતિ છે'- આ વિધાન કોનું છે?
   (A) થોમસ આર.ડાય (B) રીચાર્ડ રોઝ (C) કાર્લ ફ્રેડરિક (D) રોબર્ટ આઈસ્ટોન
3. નીચેનામાંથી કોનો જાહેર નીતિના પાયાના ઉદ્દેશોમાં સમાવેશ થાય છે?
   (A) સ્વાવલંબન (B) આર્થિક વૃધ્ધિ (C) ઔધોગિકરણ (D) ઉપરોકત ત્રણેય

4. ‘કાયમી’ પગારદાર અને કૌશલ્યો ધરાવતા અધિકારીઓના વ્યાવસાયિક સમૂહને આપણે અમલદારશાહી કહી શકીએ- આ વિધાન કોનું છે?

(A) હાન્સ રોઝોન બર્ગ (B) હરમન ફાઈનર (C) આઈર કે. ડેવિસ (D) કે.ડી.દેસાઈ

5. વેઠ મજુરી પ્રથા તરીકે ‘સાગરી પ્રથા’ કયા રાજ્યમાં પ્રવર્તતી હતી?

(A) ઓરિસ્સા (B) રાજસ્થાન (C) મદ્રાસ (D) હૈદરાબાદ

6. શિક્ષણ, વિજ્ઞાન અને સાંસ્કૃતિક બાબતો દ્વારા રાષ્ટ્રો વચ્ચે સહયોગને પ્રોત્સાહન પુરૂ પાડીને શાંતિ અને સલામતિના કાર્યમાં કઈ સંસ્થા કાર્યરત છે?

(A) I.L.O (B) UNESCO (C) WHO (D) I.MF

7. નીચેનામાંથી કોનો કાયમી કારોબારીની ફરજોમાં સમાવેશ થાય છે?

(A) સરકાર દ્વારા સુચવવામાં આવ્યા છે તે રીતે નીતિઓ હુકમોનો અમલ કરવો

(B) જે તેના સરકારી હવાલાની અંદર આવેલ છે એવા વહીવટી ઉપકરણોની જાળવણી

(C) નીતિઓના અમલીકરણ અંગે રાજકીય કારોબારીને સલાહ આપવી

(D) ઉપરોકત ત્રણેય

8. નીચેનામાંથી કયા રાજ્યમાં પંચાયતીરાજનું દ્વિસ્તરીય માળખું અમલમાં છે?

(A) આંધ્રપ્રદેશ (B) રાજસ્થાન (C) હરિયાણા (D) પશ્ચિમ બંગાળ

9. નીતિનું મૂલ્યાંકન કરવાની પ્રક્રિયામાં નીચેનામાંથી કઈ સમસ્યાઓ અસ્તિત્વ ધરાવે છે?

(A) આધાર સામગ્રીને લગતી સમસ્યાઓ (B) કાર્ય પધ્ધતિ સાથે સંકળાયેલ સમસ્યાઓ

(C) સંસાધનોનો અભાવ (D) ઉપરોકત ત્રણેય

10. જાહેર નીતિની રચના અંગેના બુધ્ધિવાદી મોડેલ સાથે કોનું નામ સંકળાયેલું છે?

(A) હર્બર્ટ સાયમન (B) અબ્રાહમ કેપ્લાન (C) લૂઇસ કોઈંગ (D) ડેવિડ ઇસ્ટન